# ઉદિશા ક્લબ (પ્લેસમેન્ટ સેલ)



**ડૉ. મહેશકુમાર આર. સોલંકી**

નોડલ ઓફિસર

ઉદિશા એટલે નોકરી શોધનાર અને નોકરી વચ્ચેનો સેતુ. ઉદિશાનો મુખ્ય હેતુ નોકરી લેનાર અને નોકરી આપનાર વચ્ચે પુલ બનીને બેકારીની ગેપ પૂરી કરવાનો છે. આ બાબતને ધ્યાનમાં રાખીને ઉદિશા ક્લબની રચના કોલેજમાં કરવામાં આવી છે. ઉદિશા ક્લબના નેજા હેઠળ સહઅભ્યાસ પ્રવૃત્તિઓ પણ થાય છે. જે વિદ્યાર્થીઓની કારકિર્દી પૂરી કરે તેને પોતાની લાયકાતને અનુરૂપ વ્યવસાય અપાવવામાં પણ મદદરૂપ થાય છે.

- વર્ષ 2010થી પ્રાથમિક શાળાઓ તથા માધ્યમિક શાળાઓમાં સરકાર દ્વારા શિક્ષકની સીધી ભરતી અમલમાં આવી. જે ભરતી સરકાર દ્વારા શિક્ષક અભિયોગ્યતા કસોટી લઇને નિયમ પ્રમાણે મેરીટ બનાવીને કરવામાં આવે છે.
- તાલીમાર્થીઓને આ શિક્ષક અભિયોગ્યતા કસોટી (TET, TAT) પરીક્ષા અંગેનું ફોર્મ ભરવાથી લઇને મેરીટ કેવી રીતે બનાવવું, જિલ્લાવાર ભરતી, ગુણાંકન, કોમ્પ્યુટર પર ઓનલાઇન કેવી રીતે અરજી કરી શકાય તથા તેઓને વિષયવાર માહિતી ડૉ. મહેશકુમાર આર.સોલંકી એ આપી હતી.
- આ વર્ષે સેમ-4 તાલીમાર્થી બહેનો દ્વારા પોતપોતાના વિષયો પ્રમાણે સામાન્ય જ્ઞાન, મનોવિજ્ઞાનનો પ્રશ્નો, ભારતનું બંધારણ, પોતાની બંને મેથડના પ્રશ્નો વગેરે જેવા વિવિધ વિષયો પર 20 પ્રશ્નો (પ્રત્યેક વિદ્યાર્થી) પ્રાર્થનામાં પીપીટી દ્વારા રજૂ કરે છે. જેનો બધા તાલીમાર્થીઆને તથા સ્ટાફને જ્ઞાનનો લાભ મળે છે.
- સંસ્થાના દરેક અધ્યાપક પણ દર ગુરૂવારે પ્રાર્થના પ્રવચન કાર્યક્રમમાં પોતાના વિષયોને અનુરૂપ TET, TAT ના પ્રશ્નો અંગે તથા તેમની આ અંગેની મૂંઝવણ માટે માર્ગદર્શન આપે છે.
- ઉદિશા કલબની કાર્યપ્રવિધિની પ્રત્યેક અધ્યાપક વાકેફ થાય તે હેતુથી દર વર્ષે સરકાર દ્વારા યોજાતા તાલીમ કાર્યક્રમોમાં ભાગ લેવામાં આવે છે.
- બી.એડ્.ના અભ્યાસક્રમના ભાગરૂપે તાલીમાર્થીઓના કૌશલ્યનો વિકાસ થાય તે માટે વિવિધ વર્કશોપનું પણ આયોજન કરવામાં આવે છે.
- અવારનવાર સરકાર દ્વારા યોજાતા ભરતી મેળા તથા DEO આણંદ તથા યુનિવર્સિટી રોજગાર કેન્દ્ર, વિદ્યાનગર દ્વારા થતા કાર્યક્રમો અંગે તાલીમાર્થીઓને વાકેફ કરાય છે, તથા લાયકાત ધરાવતા ઉમેદવારોને તે મેળાવડામાં મોકલવામાં આવે છે.
- તાલીમાર્થીઓ વિવિધ વ્યવસાયોથી પરિચિત થાય તે હેતુથી કોલેજમાં,જે તે ફિલ્ડના તજજ્ઞઓના વકતવ્ય પણ ગોઠવવામાં આવે છે.
- આ કલબના નેજા હેઠળ તાલીમાર્થીઓની વ્યવસાયિક ક્ષમતાઓ બહાર લાવવા તથા તેમની યોગ્યતાને વધારવાના પ્રયત્નો સંસ્થાના અધ્યાપક મિત્રો દ્વારા કરવામાં આવે છે.
- સંસ્થા દ્વારા વિવિધ પ્લેસમેન્ટ માટે તેમની પ્રોફાઇલ કેવી રીતે બનાવી શકાય તેનું પણ માર્ગદર્શન આપે છે. તથા સમાજની માંગ પ્રમાણે પ્લેસમેન્ટની પણ વ્યવસ્થા કરવામાં સહકાર આપે છે.
- આ ઉપરાંત વિવિધ સેલ્ફ ફાયનાન્સ કે પ્રાઇવેટ સંસ્થાઓની શિક્ષક ભરતી અંગેની જાહેરાતો આવે તો પણ કૉલેજના વોટ્સએપ ગૃપમાં મૂકીને તાલીમાર્થીઓને જાણ કરવામાં આવે છે અને તે માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે.
- આ ક્લબ વર્ષ દરમ્યાન વિદ્યાર્થીઓ માટે વધુને વધુ કાર્યરત રહે તે માટે સંસ્થાના આચાર્યશ્રી, અધ્યાપક મિત્રો તથા વહીવટી કર્મચારીઓ ઉત્સાહભેર કાર્ય કરે છે.
- આ ક્લબના કમિટીના સભ્યો નીચે પ્રમાણે છે.

| | | | |
|---|---|---|---|
| **૧. ચેરમેન અને આચાર્ય** | ડૉ. ડી.આર. પરમાર | | **તાલીમાર્થીઓ** |
| **૨. નોડલ ઓફીસર** | ડૉ. મહેશકુમાર આર. સોલંકી | **૧. કન્વીનર** | જ્યોતિ પરમાર (સેમ-૪) |
| **3. IQAC કો-ઓડિનેટર** | ડૉ. ડી.એમ. પટેલ | | દિવ્યા સોઢા (સેમ-૨) |
| **૪. AISHE / KCG નોડલ ઓફિસર** | ડૉ. ડી.એમ. પટેલ | ૨. સભ્યો | અંકિતા યાદવ (સેમ-૪) |
| | | | નિયતી મેકવાન (સેમ-૨) |